# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09/06/2026** **Morning : 7.10 to 7.20**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **રાજ્યભરમાં વિવિધ પ્રજાલક્ષી અને સેવાકીય કાર્યોના આયોજન દ્વારા પ્રધાનમંત્રીના કાર્યકાળના 12 વર્ષ પૂર્ણ થવાની ઉજવણી.**
2. **રાજ�યના 206 જળાશયમા હાલમાં કુલ 40.87 ટકા કરતાં વધુ જળસંગ્રહ ઉપલબ્ધ.**
3. **પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજીમા તૈયાર થતાં શક્તિ કોરિડોર પ્રોજેક્ટ અંતર્ગત દબાણ હટાવ ઝુંબેશ .**
4. **91 કરોડ રૂપિયાથી વધુના આંતરરાજ્ય સાયબર ફ્રોડમાં નવસારીમાંથી 43 મ્યુલ એકાઉન્ટ સાથે બેની ધરપકડ.**
5. **ગુજરાતમાં એક મહીનામાં પેટ્રોલનું 66 હજાર 500 મેટ્રિક ટન જ્યારે ડિઝલનુ 1 લાખ 77 હજાર મેટ્રિક ટન વેચાણ થયુ.**
6. **વિશ્વ યોગાસન ચેમ્પિયનશિપ 2026માં ગોલ્ડમેડલની સદી સાથે યજમાન ભારતનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# PANCHMAHAL PM 12 YEARS

રાજ્યભરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કાર્યકાળના 12 વર્ષ પૂર્ણ થવાની વિવિધ પ્રજાલક્ષી અને સેવાકીય કાર્યો સાથે ઉજવણી થઈ રહી છે.

જે અંતર્ગત પંચમહાલ જિલ્લામાં 'પ્રગતિ પથ યાત્રા ' અને 'જન કલ્યાણ શિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે. પંચમહાલ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિકાસ કામોના નિરીક્ષણ અને લોકાભિમુખ સેવાઓ પૂરી પાડવા માટે ૨૦ જૂન સુધી વિવિધ કાર્યક્રમો યોજાશે.

ગોધરા સ્થિત કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર અજય દહિયાએ આયોજીત કાર્યક્રમોની માહિતી આપી હતી.

**BYTE- AJAY DAHIYA, COLLECTOR, PANCHMAHAL**

...............................

# BOTAD – PRAGATI PATH YATRA

કેન્દ્રીય રાજ્યમંત્રી નિમૂબેન બાંભણીયા ગઇકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વના 12 વર્ષ પૂર્ણ થવા નિમિતે બોટાદમાં પ્રગતિ પથ યાત્રા માં જોડાયા હતા. તેમણે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય અને મોડેલ સ્કૂલની મુલાકાત લઈ વિદ્યાર્થીનીઓને અપાતી શૈક્ષણિક અને રહેણાંક સુવિધાઓ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ ઉપરાંત તેમણે વન કવચ અને મધુસૂદન ડેરીની મુલાકાત લઈ અધિકારીઓ સાથે ચર્ચા કરી જરૂરી સૂચનો કર્યા હતા.

..............................

## GUJARAT DEMFLOW

ગુજરાતના 206 જળાશયમા હાલમા આશરે 40.87% જેટલો પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. જ્યારે ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં હાલમાં આશરે 68.01% પાણીનો સંગ્રહ ઉપલબ્ધ છે. સરદાર સરોવર ડેમમાં હાલમાં 13 હજાર 304 ક્યુસેક પાણીની આવક છે જ્યારે 626 ક્યુસેક પાણીની જાવક છે. વણાકબોરી ડેમમાં 1500 ક્યુસેક પાણીની આવક છે જ્યારે 300 ક્યુસેક પાણીની જાવક છે.

રાજ્યમાં હાલમાં 9 જેટલા ડેમ જળાશય 70 થી 100 ટકા વચ્ચે ભરાયેલા છે. 50થી 70 ટકા વચ્ચે 31 જળાશય ભરાયેલા છે. 55 જેટલા જળાશય 25થી 50 ટકા ભરાયેલા છે. અને 111 જળાશય 25 ટકાથી ઓછા ભરાયેલા છે.

..............................

## JAGDHISH VISHWKARAMA ON RAJYSABHA ELECTION

રાજ્યસભાની દ્વિ-વાર્ષિક ચુંટણી અંતર્ગત ગુજરાત વિધાનસભા ખાતે ગઇકાલે ભાજપાના ચારેય ઉમેદવારો રાજુ શુક્લ , માનસિંહ પરમાર, મુકેશ રાઠવા અને જીતેન્દ્ર કણઝારિયાએ રાજ્યસભાના ઉમેદવારી તરીકે નામાંકન પત્રક રજૂ કર્યું હતું.

કોંગ્રેસ દ્વારા પુરતા સંખ્યા બળના અભાવે ઉમેદવારી પત્ર ભરી શકાયુ ન હતું. ભાજપાના ઉમેદવારો દ્વારા ઉમેદવારી પત્રક ભરાયા બાદ ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે , ગુજરાતના રાજકીય ઇતિહાસમાં એક અભૂતપૂર્વ અને ઐતિહાસિક ઘટના આકાર લઈ રહી છે.

આ ફોર્મ ભરાવાની સાથે જ ગુજરાતના ઇતિહાસમાં પ્રથમ વખત રાજ્યસભાની તમામ 11 બેઠકો પર ભારતીય જનતા પાર્ટીના સભ્યો નિયુક્ત થઈને એક નવો કીર્તિમાન સ્થાપિત કરવા જઈ રહ્યા છે , જે ઘટના ઇતિહાસના પાના પર સુવર્ણ અક્ષરે અંકિત થશે.

**BYTE- JAGDISH VISHWAKARMA, GUJARAT STATE PRESIDENT, BJP**

**..............................**

## WEATHER

આગામી 14 જૂન સુધી રાજ્યના વિવિધ વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા પડી શકે છે. આગામી 7 દિવસ સુધી ગુજરાત રિજીયનમાં વરસાદી માહોલ જોવા મળશે.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ . એ કે દાસના જણાવ્યા અનુસાર , દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ જેવા કે નવસારી, તાપી, વલસાડ, ડાંગ અને દાદરા નગર હવેલીમાં હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે.

**BYTE: A K DAS, IMD**

**..............................**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી

વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.................................

## AMBAJI DEMOLATION

અંબાજીમા કરોડોના ખર્ચે તૈયાર થતાં શક્તિ કોરિડોર પ્રોજેક્ટ અંતર્ગત દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. શક્તિ કોરિડોરના માર્ગને મોકળો કરવા માટે તંત્ર દ્વારા સમગ્ર વિસ્તારને કુલ 4 ઝોનમાં વહેંચી દેવામાં આવ્યો છે . તમામ ઝોનમાં એકસાથે દબાણો હટાવવાની કામગીરી શરૂ કરી દેવાઈ છે. આ કામગીરી અંતર્ગત **SDM, DYSP, PI,** મામલતદાર સહિત અધિકારીઓની હાજરીમાં **JCB,** ટ્રેક્ટર સહિત મશીનરીથી દબાણ હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. સુરક્ષાને ધ્યાને રાખીને અંબાજીમાં મોટી સંખ્યામાં પોલીસનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ કામગીરીને લઈને અંબાજીના પ્રાંત અધિકારી વધુ માહિતી આપી રહ્યા છે.

**BYTE-** PRANT ADHIKARI

..............................

## NAVSARI MULE HUNT

નવસારી સાયબર ક્રાઈમ પોલીસે ઓપરેશન મ્યુલ હંટ **2.0** અંતર્ગત **91** કરોડ **54** લાખથી વધુનું સાયબર ફ્રોડ આચરનાર ગેંગના બે મુખ્ય સાગરીતોને ઝડપી પાડ્યા છે. જલાલપોર તાલુકાના એરૂ ચાર રસ્તા પાસે

આવેલા 'મારૂતી પેલેસ ' એપાર્ટમેન્ટમાં રહેતો લખવિંદર પાજી નામનો વ્યક્તિ અન્યના નામે બેંક એકાઉન્ટ ખોલાવી સાયબર ફ્રોડના નાણાં છુપાવતો હતો. પોલીસે બાતમીના આધારે મારૂતી પેલેસના ફ્લેટમાં દરોડો પાડી લખવિંદર શરવન સિંહ અને આદિત્ય ઉર્ફે બંટી અક્ષય પટેલ નામના બે આરોપીઓની ધરપકડ કરી હતી.

પોલીસ તપાસમાં ચોંકાવનારો ખુલાસો પોલીસ તપાસમાં ખુલાસો થયો હતો કે, લખવિંદર શરવન સિંહ આઠ ધોરણ પાસ છે , જ્યારે આદિત્ય પટેલ બાર ધોરણ પાસ છે. વર્ષ **2016**માં તેઓ સુરતમાં સાયબર ફ્રોડ કરતી ટોળકીના સંપર્કમાં આવ્યા હતા અને ત્યાંથી ઠગાઈ કરવાનું શીખ્યા હતા. આ બંને આરોપીઓએ કુલ **43** જેટલા મ્યુલ બેંક એકાઉન્ટ્સ મેળવી તેનો ઉપયોગ ગુના આચરવા માટે કર્યો હતો. આ **43** બેંક એકાઉન્ટ્સ સંબંધિત **110** ફરિયાદો દાખલ થઈ છે.

..............................

# PETROL DIESEL

ગુજરાતમાં એક મહીના દરમિયાન પેટ્રોલનું **66** હજાર **500** મેટ્રિક ટન જ્યારે ડિઝલનું 1 લાખ 77 હજાર મેટ્રિક ટન વેચાણ થયુ છે. ગયા વર્ષના મે મહિના કરતા પેટ્રોલના વેચાણમાં 13.11 ટકા , ડિઝલના વેચાણમાં 22.92 ટકાનો વધારો નોંધાયો છે.

રાજ્યમાં દરરોજ સરેરાશ 182.26 મેટ્રીક ટન પેટ્રોલ નું વેચાણ થાય છે. અમદાવાદથી 9 હજારથી વધુ , સુરતમાં 7 હજાર 854 , રાજકોટમાં 4 હજારથી વધુ મેટ્રીક ટન પેટ્રોલ વેચાયું છે.

..............................

## ARVALLI DIGITAL INDIA

કેન્દ્ર સરકારના ડિજિટલ ઇન્ડિયા અભિયાનને વધુ વેગવંતુ બનાવા માટે સરકારના વહીવટી માળખા દ્વારા વિવિધ સરકારી સેવાઓને ઓનલાઈન બનાવવામાં આવી છે. ખાસ કરીને શિક્ષણ ક્ષેત્રે , ટેકનોલોજી, સરકારી સેવાઓ, વિવિધ ઓનલાઇન સેવાઓ મળીને મોટાભાગની કામગીરી ડિજિટલી બની છે. લોકો ઘરે બેઠા હવે ઘણા બધા કામો ઓનલાઈન કરી શકે છે. અરવલ્લી જિલ્લાના લોકો પણ કેન્દ્ર સરકારની ડિજિટલ ઇન્ડિયાની કામગીરીને આવકારી રહ્યા છે. ડિજિટલ ઈન્ડિયાની કામગીરીને અરવલ્લી જિલ્લાના એક નગરજને આવકારતા આ મુજબ જણાવ્યું....

**BYTE- AMIT KAVI, NAGARJAN**

..............................

## WORLD YOGASAN CHAMPION SHIP

યજમાન ભારતે અમદાવાદના **EKA** એરેનામાં યોજાયેલી પ્રથમ વિશ્વ યોગાસન ચેમ્પિયનશિપમાં **114** મેડલ સાથે પોતાનું અભિયાન પૂર્ણ કર્યું, જેમાં **102** સુવર્ણ ચંદ્રકનો સમાવેશ થાય છે. આ પ્રદર્શન દ્વારા ભારતે યોગાસનમાં પોતાનું અદ્વિતીય પ્રભુત્વ ફરી એકવાર સાબિત કર્યું. બીજા ક્રમે રહેલા જાપાને ત્રણ સુવર્ણ, ત્રણ રજત અને પાંચ કાંસ્ય ચંદ્રક જીત્યા, જ્યારે આર્જેન્ટિનાની એકમાત્ર ખેલાડી નાબિલા બરાઝાના એ બે સુવર્ણ અને ત્રણ રજત ચંદ્રકના પ્રદર્શનના આધારે ત્રીજું સ્થાન મેળવ્યું.

કુલ મળીને 79 દેશોના 522 ખેલાડીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો, જેમાંથી 31 દેશોના ખેલાડીઓએ ઓછામાં ઓછો એક પદક જીત્યો. તેમાંથી 10 દેશોએ ઓછામાં ઓછો એક સુવર્ણ ચંદ્રક પણ જીત્યો.

વિશ્વ યોગાસન સ્પર્ધા 2026 ને યુવા બાબતો અને રમતગમત મંત્રાલય, આયુષ મંત્રાલય, ભારતીય રમત પ્રાધિકરણ ( SAI), ગુજરાત રમતગમત પ્રાધિકરણ, ગુજરાત પ્રવાસન અને ગુજરાત યોગાસન સ્પોર્ટ્સ એસોસિએશનનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

..............................